**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૩ ટકા


# શહેરમાં બીજે દિવસે પણ ‘વાયુ’ ટોક ઓફ ધ ટાઉન

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના દરિયાકિનારે ‘વાયુ’ વાવાઝોડાનું સંકટ તોળાયુ છે અને તેની અસર સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારમાં વર્તાઈ રહી છે ત્યારે શહેરીજનો આ અંગે ચિંતામાં જણાઈ રહ્યા હતા. જો કે વાવાઝોડાની કોઈ વધુ અસર ગાંધીનગરમાં થવાની જ ન હતી છતાંય શહેરમાં તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું હતું. સરકારી ઓફિસો, પાનના ગલ્લા, ચાની લારી, ગાર્ડન, લાયબ્રેરી, ઓફિસો, જાહેર સ્થળો તથા દરેક ઘરમાં વાયુ વિશે ચર્ચા થતી હતી. જો કે હવે વાયુ એ દિશા બદલતા આફત ટળી છે.

રાજય સરકાર સાથે શહેરીજનો પણ વાયુના પગલે કેટલું નુકશાન થશે, ખેતીમાં કાંઈ અસર થશે કે નહિ કે શેર બજારમાં શેર ઉછળશે કે નહિ? તથા શહેરમાં રહેતા નાગરિકો પોતાના સંબંધીઓ જે સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તારમાં રહે છે તેમની ચિંતા કરતા જોવા મળ્યા હતા. નગરજનો પોતાના પરિવારજનોને અડધો અડધો કલાકે ફોન કરીને ખબર પુછી રહ્યા હતા. સરકારી ઓફિસો, પાનના ગલ્લામાં ન્યૂઝ ચેનલ પર લાઈવ ન્યૂઝ ચાલી રહ્યા હતા. દરેક ‘વાયુ’ને પગલે થતી ઘટનામાં હવે શું થશે? વાયુ કયારે થમશે? બહુ જાનહાનિ તો નહીં થાય ને? મારા દૂરના સગા ત્યાં છે એનો ફોન નથી લાગતો એ ઠીક તો હશેને? આમ ચિંતા કરતા જોવા મળ્યા હતા. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી દરેક મોબાઈલ ફોનમાં ન્યુઝ ચેક કરી રહ્યા હતા અને વાતાવરણની જાણકારી મેળવી રહ્યા હતા. તંત્ર દ્વારા તમામ કચેરીઓ અને ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર પણ ચાલુ રખાયા હતા. ફાયરબ્રિગેડની ટીમ સાથે રસ્તા પર જો ઝાડ પડી જાય તો તે માટે મજુરો અને જેસીબી પણ તૈયાર રખાયા હતા. આમ તો શહેરમાં એટલી હદે આફત આવવાના કોઈ એંધાણ ન હતા અને હવે તો ‘વાયુ’એ પણ દિશા બદલી છે. સતર્ક સરકારે શહેરની જનતાને મદદ કરવા અંગેના પગલા લેવામાં કોઈ ખામી રાખી ન હતી.







**શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે કેરી મહોત્સવ યોજાયો**

મહાપ્રભુજીના કહ્યા મુજબ કરોડ યજ્ઞ બરાબર એક એકાદશી. એટલે કે એક એકાદશી કરવાથી કરોડ યજ્ઞનું ફળ મળે છે. ભીમ અગિયારસ નિમિત્તે સે-૨૧ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલી ખાતે કેરી મહોત્સવ યોજાયો હતો. જેમાં ઠાકોરજીને કુલ ૧૧૦૦ કીલો કેરી એટલે કે ૧૦૧ પેટી કેરીનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. મહોત્સવમાં ૩૦૦૦થી વધુ વૈષ્ણવોએ ભાગ લીધો હતો.

## કોબા પાસે થયેલા અકસ્માતમાં અજાણ્યા પુરૂષનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર-અમદાવાદ ટ્વીન સીટી બનવા હરણફાળ ભરી રહ્યું છે. આ માર્ગ સતત વાહનોથી ધમધમી રહ્યો છે.ત્યારે આ માર્ગ પર બેફામ જતા વાહનચાલકો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. ત્યારે ગત તા. ૬ મે ના રોજ રાત્રીના અગીયાર વાગ્યાના અરસામાં કોબા કમલમ પાસે અજાણ્યા વાહનો અજાણ્યા શખ્સને ટક્કર મારી હતી. અજાણ્યા શખ્સને કારની ટક્કરને પગલે શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અજાણ્યા શખ્સને ઈજાને પગલે તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે ઈસમને અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાયો હતો.જયા યુવકને સારવાર ચાલી રહી હતી.તે દરમિયાન ગત તા.૧૦ મે ના રોજ રાત્રીના ૮.૩૦ કલાકે અજાણ્યા ઈસમનુ મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સ્વર્ણિમ પાર્ક ખાતે આજથી યોગના તાલીમ વર્ગો યોજાશે

ગાંધીનગર, તા.૧૩

૨૧મી જૂન, વિશ્વ યોગ દિવસની ઉજવણી સમગ્ર ગાંધીનગર જિલ્લામાં થનાર છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ અંગેનું નિદર્શન અને તાલીમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. ગાંધીનગર ખાતે સ્વર્ણિમ પાર્ક, બેંક ઓફ બરોડા પાસે તા. ૧૪ થી ૨૦ મી જૂન,૨૦૧૯ સુધી દરરોજ સવારના ૬.૩૦ કલાકે તાલીમ વર્ગનો આરંભ થશે. આ યોગની તાલીમ યોગ નિપુણ તજજ્ઞો દ્વારા આપવામાં આવશે. આ તાલીમ વર્ગ નિઃશુલ્ક રહેશે. જેમાં ગાંધીનગરના નગરજનોને જોડાવવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ હાર્દિક આમંત્રણ આપ્યું છે.

## ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજની જનરલ મીટીગ તા. ૯-૬-૨૦૧૯ના રોજ સાંજે ૪ કલાકે શ્રી વી. ડી. પટેલ વિદ્યાસંકુલ, કુડાસણ, ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં જનરલ સભા દ્વારા ૮૦ જેટલા કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી. અને કારોબારી સભ્યો દ્વારા હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જેમાં અધ્યક્ષ તરીકે ભીખાભાઈ જી. પટેલ, પ્રમુખ તરીકે ચિમનલાલ એ. પટેલ, ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ બી. પટેલ અને ગોવિંદભાઈ આઈ. પટેલ, મંત્રી તરીકે બળદેવભાઈ એલ. પટેલ, સહમંત્રી તરીકે અશોકભાઈ કે. પટેલ અને વિનુભાઈ કે. પટેલ, ખજાનચી તરીકે કનુભાઈ જે. પટેલ તથા ઓડિટર તરીકે દિનેશભાઈ એસ. પટેલની વરણી કરવામાં આવી હતી.

## વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ. ગાંધીનગરની બારમી વર્ષિક સાધારણ સભા તા.૧૬ જુનના રોજ સવારે ૯.૩૦ કલાકે ‘ગોકુલ’ પ્લોટ નં. ૧૭૫૭/૨, સેકટર-૨-ડી ખાતે યોજાશે. સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર કનુભાઈ એન. પરમાર દ્વારા દરેક સભાસદનો સમયસર હાજર રહેવા જણાવાયું છે તથા વધુ માહિતી માટે ૯૪૨૭૩૩૭૦૦૭, ૭૯૨૩૨૪૦૭૪૦ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ મીનાકુંવરી દિલીપસિંહ, ઉ.વ. ૬૮
- સ્વ. ઠાકોર બળદેવજી મંગાજી, ઉ.વ. ૬૦
- સ્વ. સોલંકી વનીતાબેન લાધુભાઈ, ઉ.વ. ૭૫

# દારૂબંધી વચ્ચે પાટનગરમાંથી અધધ દારૂ ઝડપાયો

**ગાંધીનગર પોલીસ ટીમે પણ ડીજીપીને બતાવવા માટે વિદેશી દારૂના ૧૧ અને દેશીદારૂના ૧૪૨ કેસ કર્યા**

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ છે. રાજયભરમાં જોઈએ એટલો દારૂ દારૂડીયાઓને સરળતાથી મળી રહે છે. દારૂબંધીની વાતો વચ્ચે પાટનગરમાં ખુલ્લેઆમ દેશીદારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. તો બીજી તરફ વિદેશી દારૂ પણ છુટો છવાયો વેચાઈ રહ્યો છે ત્યારે પોલીસ જરૂર પડે ત્યારે માત્ર એક બે કેસ દેશી અને વિદેશી દારૂના કરીને કામ કર્યાનો સંતોષ માને છે. ત્યારે દારૂબંધીની કડક અમલવારી વચ્ચે પોલીસની ડ્રાઈવમાં પાટનગરમાંથી એટલો બધો દારૂ પકડાયો છે કે પોલીસ આંકડા આપતા પણ ખચકાટ અનુભવે છે. દારૂબંધીની વાતો વચ્ચે ડી.જી.પી.એ ડ્રાઈવ જાહેર કરી હતી અને સત્તાવાર રીતે સ્વીકાર્યુ હતું કે દારૂબંધી તો માત્ર નામની જ રહી છે. તો બીજી બાજુ ગાંધીનગર પોલીસ ટીમે પણ ડીજીપીને બતાવવા માટે વિદેશી દારૂના ૧૧ અને દેશીદારૂના ૧૪૨ કેસ કર્યા છે. ત્યારબાદ પોલીસને મોડે મોડે જ્ઞાન થયું કે દારૂ બંધી કડક કાર્યવાહી સામે આટલો બધો દારૂ પકડાય એ તો ખરેખર તંત્રની નિષ્ફળતા કહેવાય. એટલે હવે પોલીસને કેટલો દારૂ પકડાયો છે તેના આંકડા જાહેર કરવા નથી. જિલ્લા પોલીસ તંત્રએ એક વિભાગથી બીજા વિભાગને આંકડા માટે આંગળી ચીંધી હતી. જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા બધી વિગતો સ્ટેટ કંટ્રોલ રૂમ પાસે હોવાનું કહેવાય છે. તો શુ સ્ટેટ કંટ્રોલ રૂમ પાસે જિલ્લા પોલીસની ડ્રાઈવના આંકડા નહી હોય.?!

# વાવોલમાં પહેલા વરસાદે ‘આનંદ’ના બદલે ‘અણગમો’ પેદા કર્યો..!!!

**પહેલા વરસાદના આગમન સાથે જ વિજળી ‘વેરણ’ થતાં રહીશોની મજા કિરકિરા થઈ : ચોમાસામાં વારંવાર લાઈટો ગુલ થવાની સમસ્યાથી છુટકારો ઈચ્છતા નાગરિકો**

ગાંધીનગર, તા.૧૩

‘વાયુ’ વાવાઝોડાનો પગલે ગાંધીનગરમાં બુધવારની સાંજે હળવો વરસાદ થવા પામ્યો અને મૌસમના આ પહેલા વરસાદને કારણે શહેરમાં ભીની માટીની સુગંધ પ્રસરવા સાથે શહેરીજનોમાં આનંદની લાગણી પણ પ્રસરવા પામી હતી. જો કે ગાંધીનગરના વાવોલમાં મૌસમનો પહેલો વરસાદ આવતા સોસાયટી વિસ્તારના રહીશોમાં આનંદને બદલે ‘અણગમા’ની લાગણી પ્રસરવા પામી હતી જેનું કારણ વરસાદના આગમન સાથે જ આ સમગ્ર વિસ્તારની વિજળી વેરણ થઈ ગઈ હતી.

ચોમાસાની ઋતુમાં વાવોલમાં વિજળી ગુલ થઈ જવી એ જાણે શિરસ્તો બની ગયેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી ઉભી થયેલી આ સ્થિતિ આ વર્ષે પણ યથાવત રહેશે તેવું સીઝનના પહેલા જ વરસાદના આગમને સાબિત થવા પામ્યું છે. જેના કારણે વાવોલ વિસ્તારના રહીશોમાં ઉત્તર ગુજરાત વીજ કંપની પ્રત્યે અણગમાની લાગણી પ્રવર્તી રહી છે. બુધવારે સાંજે અંદાજે સાડા આઠના સુમારે જેવી વરસાદની શરૂઆત થઈ કે તુરંત વિજળી વેરણ થવા પામી હતી અને તે સાથે જ રહીશોમાં પહેલા વરસાદનો રોમાંચ ધોવાઈ જવા પામ્યો હતો. એક જાગૃત નાગરિક દ્વારા થોડો સમય રાહ જોવા છતાં લાઈટો ચાલુ ના થતા યુજીવીસીએલની કુડાસણ ઓફિસ ખાતે ફોન કરી પૃચ્છા કરવામાં આવતા લાઈનમાં ફોલ્ટ સર્જાયો હોવાનું જણાવી કેટલીવારમાં તે સોલ્વ થશે અને કયારે લાઈટો આવશે તે અંગે સ્પષ્ટ જવાબ પ્રાપ્ત થવા પામ્યો નહોતો. આથી, પેલા જાગૃત નાગરિકે વધુ સચોટ જવાબ માટે આગ્રહ રાખતા તેમને મહેસાણ ખાતેના કાર્યપાલક ઈજનેરની ઓફિસના નંબર પર વાત કરવા જણાવ્યું હતું ત્યાં ફોન કરતા પહેલા તો તેમણે વાવોલમાં કયા ફીડરમાંથી વિજળી સપ્લાય થાય છે તેની જાણકારી બાબતે અજ્ઞાનતા હોવાનું સ્વીકારી ઝડપથી સમસ્યા ઉકેલીશું જેવો રૂટિન જવાબ આપી દેવામાં આવ્યો હતો. અંદાજે બે અઢી કલાકના સમયગાળા પછી ‘ફોલ્ટ’ દૂર થયો હતો. અને ફરીથી લાઈટો ચાલુ થઈ હતી પરંતુ રાત્રિના વાળુ સમયે જ વેરણ થયેલી વિજળીના કારણે રહીશો નાતો શાંતિથી વાળુ કરી શકયા કે ના મૌસમના પહેલા વરસાદનો આનંદ ઉઠાવી શકયા. વાવોલમાં હવે વરસાદે વાવાઝોડું આવતા જ વિજળી વેરણ થઈ જવાની સમસ્યામાંથી છુટકારો આ વર્ષે જ મળી જાય તેવી નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

# સિવિલના કર્મચારીની રહેણાંક મકાનમાં દબાણ ઉભુ કરી દાદાગીરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓ જ વસવાટ કરે છે. ત્યારે સિવિલમાં ફરજ બજાવતા એક કર્મચારી પોતાના રહેણાંક મકાન આગળ તારની વાડ કરી દીધી છે અને અન્ય સાથી કર્મચારીઓને વાહન પાર્ક કરવા દેતા નથી. તો બીજી તરફ પાણીનો વેડફાટ કરીને પાણી પણ અન્ય માળ સુધી પહોંચવા દેતા નથી, જેને પગલે રોજ કકળાટ થાય છે. ત્યારે કાયમી કંકાસનો ઉકેલ લાવવા માટે આ કર્મચારીએ સિવિલના સત્તાધિશને પણ લેખિત ફરીયાદ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં અધિકારી-કર્મચારીઓ માટે સરકારી રહેણાંક મકાનો આવેલા છે. જેમાં સિવિલમાં ફરજ બજાવતા કર્મચારીઓ વસવાટ કરે છે. કારણ કે ઈમરજન્સી ગમે ત્યારે આવી પડે તે સમયે નજીક રહેતા સ્ટાફના કર્મચારીઓ તાત્કાલીક હોસ્પિટલ આવી શકે તે માટે નજીકમાં આવાસ આપવામાં આવે છે. ત્યારે સિવિલના કર્મચારીઓ જ નજીવી બાબતે તકરાર કરતા દેખાય છે. જેમાં સામસામે બ્લોક આવેલા છે. ત્યારે બંન્ને બ્લોકની નીચે રહેતા કર્મચારીઓએ તારની વાડ કરેલી છે અને સાથી કર્મચારીઓને વાહનો પાર્ક કરવા દેતા નથી. ત્યારે કર્મચારીઓ પોતાના વાહનો કયાં પાર્ક કરે તે મુંજવણ ઉભી થવા પામી છે. જો વાહન તારની વાડ સામે મુકવામાં આવે છે તો કર્મચારીઓને ગર્ભિત ધમકીઓ મળે છે કે વાહનને કંઈ થસે તો અમારી જવાબદારી નહી. તો બીજીતરફ પાણીનો બગાડ કરીને પણ બીજા માળે રહેતા કર્મચારીઓને પરેશાન કરવામાં આવે છે. જેથી આ સમસ્યાને લઈ કર્મચારીએ લેખિત સિવિલના સત્તાધિશને જાણ કરી આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી છે. પરંતુ આ સમસ્યાનો નિવેડો ક્યારે આવે છે તે તો સમય જાણે..!


# બાબુજી ધીરે ચલના... ‘બારીશ’મેં જરા સંભલના...!!

**પહેલા વરસાદમાં વાહનો રોડ પર ‘સ્લીપ’ થવાના વધી જતા કિસ્સા પાછળનું વિજ્ઞાન સે-૨૯માં રહેતા એન્જિનીયર અનિલ ગાંધીએ શોધી કાઢયું : આ વિજ્ઞાનને સમજી લઈ સાવચેતી રાખવામાં આવે તો અકસ્માતો નિવારી શકાય**

ગાંધીનગર, તા.૧૩


રાજયભરમાં ચોમાસાની વિધિવત રીતે શરૂઆત થઈ રહી છે અને ગાંધીનગરમાં પણ ગઈ કાલે સાંજે હળવા વરસાદી માહોલે ઝડપથી નિયમિત ચોમાસુ શરૂ થવાના એંધાણ આપી દીધા છે. શહેરીજનો પહેલી વરસાદી રમઝટની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. દર વખતે એવું પણ જોવા મળ્યું છે કે જયારે પણ શહેરમાં પહેલીવાર વરસાદી રમઝટ જામે ત્યારે વાહનો તે પછી ટુ વ્હીલર્સ હોય કે ફોર વ્હીલર્સ માર્ગો પર લપસી જવાના કિસ્સા બને છે. વાહનો ‘સ્લીપ’ થવાના બનાવો ચોમાસું જામ્યા પછી ઓછાં થઈ જાય છે એટલે આ બાબતનો ગાંધીનગરના સેકટર-૨૯માં રહેતા અને સિવવાના સંચાના ઈકિવપમેન્ટસ બનાવતી ફેકટરી ધરાવતા ઈજનેર અનિલ ગાંધીએ સઘન અભ્યાસ કરી તેનું કારણ શોધી કાઢયું છે. જો બાબતને સમજી લેવામાં આવે તો શકય છે કે પહેલા વરસાદમાં વાહન સ્લીપ થવાથી બચી અકસ્માત નિવારી શકાય.

અનિલ ગાંધીએ રજૂ કરેલા અભ્યાસ મુજબ આપણે જે રોડ પર વાહનો હંકારીએ છીએ તે રોડની સપાટી ઉપર નાના નાના છીદ્રો એટલે કે ‘ગેપ’ હોય છે જેમાં રોજે રોજ રોડ પરથી પસાર થતા વાહનોમાંથી ટપકતું એન્જિન ઓઈલ, ગીયર બોકસ ઓઈલ વગેરે જમા થતું હોય છે હવે જયારે પહેલો વરસાદ પડે ત્યારે આ છીદ્રમાં પાણી ઉતરે છે ત્યારે પાણી ઓઈલ કરતા ભારે હોવાથી ઓઈલને ઉપર તરફ ધક્કો મારે છે. તેમના મત મુજબ વોટર સ્પેસિફિક ગ્રેવિટી ૧ હોય છે જયારે લુબ્રીકેટીંગ ઓઈલ સ્પેસિફિક ગ્રેવિટી ૦.૮૭ હોય છે આથી આ ઓઈલ






રોડ પરના ‘ગેપ’માંથી નીકળી રોડની સપાટી પર આવી જાય છે અને રોડને ચીકણો એટલે કે એકદમ લપસણો બનાવી દે છે. ચિકાશવાળા રોડ પર વાહનોની બ્રેક બિલકુલ લાગતી નથી અને વાહન રોડ પર ‘મસ્કા’ની જેમ લપસી જાય છે. આ વાતની પ્રતિતિ કરવા તેમણે કહ્યું છે કે જયારે પણ પહેલો વરસાદ પડે ત્યારે તેને સૂર્યપ્રકાશમાં ત્રાંસી દિશામાંથી જોવામાં આવે તો રોડ પર મેઘધનુષ જેવા રંગો ચમકતા જોવા મળે છે જે ઓઈલના કારણે દેખાય છે. વળી, આ સાથે રોડ પરની માટી પણ પાણી સાથે ભળીને રોડને ચીકણો બનાવે છે. આમ





ઓઈલ અને ચીકણી બની ગયેલ માટી વાહનોને સ્લીપ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. એટલે પહેલા વરસાદ દરમિયાન આ બાબતને ધ્યાનમાં રાખીને જો વાહન સાવચેતીથી ધીમી સ્પીડે ચલાવવામાં આવે તો સ્લીપ થવાથી બચી શકાય છે.

ચોમાસું જયારે બરાબર જામી જાય ત્યારે વધુ વરસાદને કારણે રોડ પરનું ઓઈલ તથા માટી બંને ધોવાઈ જતા હોય છે તેથી તેની ચિકાશ જતી રહેતા વાહનો સ્લીપ થવાની શકયતા ઘટી જાય છે. પહેલા વરસાદ જેવી જ સ્થિતિ કયારેક ઉનાળા કે શિયાળાની ઋતુમાં વરસેલા





વરસાદમાં આજ પ્રમાણે વાહનો લપસી જવાની સ્થિતિ જોવા મળે છે. આ બાબતને સમજી લઈને પહેલા અથવા કમોસમી વરસાદમાં વાહનચાલકોએ કાળજી રાખવી અત્યંત આવશ્યક છે જેથી નાના-મોટા કે જીવલેણ અકસ્માતમાંથી બચી શકાય.